## સંક્ષિપ્ત સમાચાર

### નર્મદા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ૧૦ અરજીનો સુખદ નિકાલ કરાયો


દીપલ સોની

રાજપીપળા: નર્મદા જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ નિવાસી અધિક કલેક્ટર સી.કે.ઉંધાડની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. જિલ્લા સ્વાગત દરમિયાન ૧૦ જેટલા અરજદારોના પ્રશ્નનું સુખદ નિરાકરણ આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમ દરમિયાન અરજદારોએ દ્વારા આઈસીડીએસ આંગણવાડી કાર્યકર ભરતી બાબત, જમીનની માપણી, પીવાના પાણીની સમાસ્યાનું નિરાકરણ, નિવૃત્તિના લાભો ન ચુકાવવા બાબત, આરોગ્યના લગતા પ્રશ્ન, જમીનના ક્ષેત્રફળમાં રિ-સરવે કરવા બાબત, વયવંદન યોજના મંજૂર કરવા બાબત, ખેતીની જમીનમાં ૭૩એએ શરતભંગ કરવા બાબત, ફોર્મ પર ખેટી સહી કરવા બાબત અને ખેતીવાડી વીજ જોડાણ જેવા પ્રશ્નોની અરજદારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. નિવાસી અધિક કલેક્ટરે અરજદારોના પ્રશ્નોને ધ્યાનથી સાંભળી ઉપસ્થિત સંબંધિત અધિકારીઓને પ્રશ્નોને સંવેદના સાથે પ્રાથમિકતા આપી સમયમર્યાદામાં નિરાકરણ લાવવા સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાંદોદ પ્રાંત અધિકારી પરસનજીત કૌર, નાયબ પોલીસ અધિક્ષક પી.આર.પટેલ સહિત સંબંધિત અધિકારીઓ અને અરજદારીઓ હાજર રહ્યા હતા.

### વાગરામાં વીજ બિલ બાકીદારોનાં જોડાણો કાપવાની ઝુંબેશ શરૂ

ભરૂચ: વાગરા પંથકમાં DGVCL દ્વારા બાકી લેણાંની વસૂલાત કરવા માટે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. વિભાગ દ્વારા સત્તાવાર રીતે ડિસ્કનેક્શન ડ્રાઈવ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જે અંતર્ગત આવતીકાલ તા.27-02-2026, શુક્રવારના રોજથી જે ગ્રાહકોના વીજ બિલ બાકી છે તેમનાં જોડાણો કાપવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે. DGVCL તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ કામગીરી માટે મોટી સંખ્યામાં વિશેષ ટીમો બનાવવામાં આવી છે, જે સીધી મેદાનમાં ઉતરીને સ્થળ પર જ વીજ જોડાણો કાપવાની કડક કાર્યવાહી કરશે.

### ભરૂચમાં બિરલા કોપરના કોન્ટ્રાક્ટરના ગળામાંથી ચેઈન સ્નેચિંગ, પોલીસ ફરિયાદ

ભરૂચ: બિરલા કોપર કંપનીમાં લેબર કોન્ટ્રાક્ટર તરીકે ફરજ બજાવતા દૂધનાથ સિંઘ રાત્રે 7 વાગ્યાના અરસામાં શહેરના ચાવજ કેનાલ રોડ પર વોકિંગ કરી રહ્યા હતા, ત્યારે બે અજાણ્યા શખ્સોએ તેમને નિશાન બનાવ્યા હતા. સામેથી આવેલા બે શખ્સોએ અચાનક પાછળથી હુમલો કરી દૂધનાથ સિંઘના ગળામાંથી સોનાની ચેઈન અને હાથમાંથી મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હતો. બાદ લુંટારુઓ અંધારાનો લાભ લઈ ભાગી છૂટ્યા હતા. પીડિતના જણાવ્યા મુજબ આરોપીઓની ઉંમર 25થી 30 વર્ષની છે અને તેમણે કાળા તથા સફેદ રંગનાં શર્ટ પહેર્યાં હતાં. પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે તપાસ તેજ કરી છે.

### ઉછાલીમાં વિકસિત ગ્રીન બેલ્ટમાં આગ


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વરના ઉછાલી ગામ ખાતે યુપીએલ લિમિટેડના સહયોગથી વિકસિત કરવામાં આવેલ ગ્રીન બેલ્ટમાં અગમ્ય કારણોસર આગ લાગવાની ઘટના સામે આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ આગ લાગતા અહીં આવેલાં મોટાં વૃક્ષો તેમજ તાજેતરમાં રોપાયેલા નવા છોડને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. ઘટના અંગે ઉછાલી ગ્રામ પંચાયતના તલાટી દ્વારા વન વિભાગ, પંચાયત કચેરી, મામલતદાર કચેરી તેમજ કંપનીને સત્તાવાર રીતે જાણ કરી ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### કીમમાં પેટશોપ માલિક પર હુમલો


કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડના મુળદ ગામ સ્થિત લક્ષ્મી આર્કેટમાં આવેલી 'કીટુપેટજોન શોપ'ના માલિક પર જીવલેણ હુમલો થયો હતો. સાયણ રોડ પર રહેતા ૪૨ વર્ષીય નરેન્દ્રભાઈ ભલગામડિયાએ આ અંગે કીમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ગત ૨૪ ફેબ્રુઆરીની રાત્રે આરોપી હેમંત સોલંકી અને તેની સાથેના બે અજાણ્યા શખ્સોએ જૂની અદાવત રાખી નરેન્દ્રભાઈ પર લાકડીઓ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદીને પીઠ અને હાથના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી, જેમાં જમણા હાથના કાંડામાં ફ્રેક્ચર થયું છે. આરોપીઓએ દુકાનમાં ઘૂસી તોડફોડ કરી શો-કેસના કાચ તોડી નુકસાન પહોંચાડ્યું હતું. જતા-જતા આરોપીઓએ 'દુકાન બંધ નહીં કરો તો જાનથી મારી નાંખીશું' તેવી ધમકી પણ આપી હતી. આ બાબતે કીમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વરમાં 34 મિલકત સીલ

**વેરાની** વસૂલાત માટે પાલિકાનાં કડક પગલાં, 40 પાણી અને ગટરનાં કનેક્શન કપાયાં




સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકાએ બાકી પડતા વેરાની વસૂલાત માટે કડક પગલાં ભરતાં હાઉસ ટેક્સ વિભાગે 34 મિલકત સીલ કરી દીધી છે, જ્યારે 40 પાણી અને ડ્રેનેજ જોડાણ કાપી નાંખ્યાં છે. સાથે સાથે 10 હજારથી વધુ મિલકતધારકને આખરી નોટિસ પાઠવી પાલિકાએ વસૂલાત અભિયાન તેજ કર્યું છે.

પાલિકા ઈતિહાસમાં પ્રથમ વખત વ્યવસાય વેરા વિભાગે પણ બાકી રહેલા વેરા માટે કડક કાર્યવાહી હાથ ધરી 4 મિલકત સીલ કરી છે. મિલકતો સીલ થતાં જ બાકીદારો દ્વારા તાત્કાલિક વેરો ભરપાઈ કરવાની કામગીરી શરૂ કરાઈ હોવાનું જાણવા મળે છે. વ્યવસાય વેરા વિભાગમાં કુલ રૂ.1.72 કરોડની માંગ સામે અત્યાર સુધી રૂ.1.30 કરોડથી વધુ વસૂલાત થઈ ચૂકી છે, જ્યારે રૂ.41.60 લાખની બાકી વસૂલાત માટે 750થી વધુ વ્યવસાય વેરાધારકોને નોટિસ પાઠવવામાં આવી છે. નોટિસ બાદ પણ વેરો નહીં ભરનાર સામે મિલકત સીલ કરવાની કાર્યવાહી કરવાની તાકીદ કરાઈ છે. હાઉસ ટેક્સ વિભાગ દ્વારા કુલ રૂ.13.07 કરોડની માંગ સામે અત્યાર સુધી રૂ.7.64 કરોડ વસૂલાત કરી 58.47 ટકા વસૂલાત નોંધાઈ છે. બાકી રહેલા અંદાજે 41 ટકા વેરા માટે 31 માર્ચ સુધી 12 વોર્ડમાં અલગ અલગ ટીમો બનાવી ડોર-ટુ-ડોર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હાલ સુધી 34 મિલકત સીલ કરાઈ છે તથા 40 પાણી-ડ્રેનેજ જોડાણ કપાયાં છે. આગામી દિવસોમાં વધુ કડક કાર્યવાહી માટે ખાસ ટીમો ગોઠવી તમામ વોર્ડમાં જાહેર જાહેરાતો સાથે વસૂલાત અભિયાન તેજ બનાવાશે. પાલિકા ચીફ ઓફિસર કેશવ કોલડિયાએ જણાવ્યું હતું કે, બાકીદારો તાત્કાલિક વેરો ભરપાઈ કરે. નોટિસ બાદ પણ વેરો નહીં ભરનારની મિલકત સીલ કરવામાં આવશે તેમજ 31 માર્ચ બાદ વ્યાજ સહિત વસૂલાત કરવામાં આવશે.

### અંકલેશ્વર-હાંસોટ પંથકમાં વહેલી સવારે ધુમ્મસ, બપોરે આકરી ગરમી


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: હાંસોટ-અંકલેશ્વર પંથકમાં આજે વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાતાં ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થયો હતો. ગાઢ ધુમ્મસને કારણે માર્ગો પર દૃશ્ય ધૂંધળું થતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી પંથકમાં વાતાવરણની અસમાનતા જોવા મળી રહી છે. લોકો એક જ દિવસે ત્રણ અલગ-અલગ ઋતુઓનો અનુભવ કરી રહ્યા છે. સવારે ધુમ્મસ અને ઠંડીનું માહોલ રહે છે, જ્યારે બપોરે તાપમાનમાં અચાનક વધારો નોંધાતા આકરી ગરમીનો અનુભવ થાય છે.

# વેડછીમાં તલાટીની વર્તણૂક સામે ગ્રામજનોનો મોરચો!

**ગ્રામજનોએ** તાપી ડીડીઓ, ટીડીઓ અને મામલતદારને લેખિત ફરિયાદ કરી



વાલોડ: વાલોડના વેડછી ગામના તલાટી દ્વારા સ્થાનિકો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. ગામનો તલાટી દિવસ દરમિયાન માત્ર એક જ કલાક હાજર રહેતો હોય અને સ્થાનિકો કોઈપણ કામ લઈને જાય તો કોઈપણ બહાનું કાઢી ધરમધક્કા ખવડાવતો હોય, એટલું જ નહીં ગામની સરકારી યોજનાઓમાં પણ મોટી ખાયકી કરતો હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ તાપી ડીડીઓ તેમજ ટીડીઓ અને મામલતદારને લેખિત ફરિયાદ આપી યોગ્ય કાર્યવાહી કરી જરૂરી કાર્યવાહીની માંગ કરતાં વાતાવરણ તંગ બન્યું છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ વાલોડના વેડછી ગામે ફરજ બજાવતા તલાટી કમ મંત્રી ચિંતન પી.પ્રણામી પોતાની મનમાની ચલાવી રહ્યા છે. સ્થાનિકો કોઈપણ કામ લઈને જાય તો તેઓ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી રહ્યા છે. તેઓ ફરજ દરમિયાન માત્ર એક જ કલાક હાજર રહેતા હોય, જે અંગે પણ ગ્રામજનો તેમને કહેતા તેમને ધમકાવી રહ્યા છે. એટલું જ નહીં ગરીબોની સરકારલક્ષી યોજનાનાં કામોમાં દાખલા જેવી બાબતોમાં પણ સ્થાનિકોને ધરમધક્કા ખવડાવે છે. તેમજ યેનકેન પ્રકારે કામ નહીં કરી આપવા માટે પરત મોકલે છે. તેમજ ગામનાં વિકાસ કામોમાં સરકારની વિવિધ યોજના જેમ કે 15મુ નાણાંપંચ જેવી અનેક યોજનાઓમાં સ્થાનિકોનો ગેરમાર્ગે દોરી રહ્યા છે. વધુમાં ગ્રામ પંચાયતની મિટિંગનાં ખોટાં બિલો રજૂ કરી મોટી ખાયકી કરી રહ્યાના આક્ષેપ પણ કર્યા હતા. આ મામલે તાપી જિલ્લા ડીડીઓ તેમજ ટીડીઓ અને મામલતદાર યોગ્ય તપાસ કરે અને આવા તલાટી વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરી ગ્રામજનોને ન્યાય અપાવે એ જરૂરી બન્યું છે.

### પાનોલીમાં ખોટી ઓળખ આપી રિક્ષા ચોરી કરનાર સામે વધુ એક ગુનો

અંકલેશ્વર: અંકલેશ્વરના પાનોલી પોલીસ મથકે રીક્ષા ચોરીના ગુનામાં ઝડપાયેલા આરોપીએ પોતાની ઓળખ છુપાવી પોલીસને છેતરવાનો પ્રયાસ કર્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. 9 ફેબ્રુઆરીએ સંજાલીથી ચોરાયેલી રિક્ષા નં.(જીજે-16-એ.ટી.-0346) સાથે પોલીસે રાજેન્દ્ર ઉર્ફે પકો વસાવા (મૂળ રહે.,ડાભવણ, તા.ડેડિયાપાડા)ને ઝડપી પાડ્યો હતો. પકડાયા સમયે આરોપીએ પોતાની ઓળખ 'સુનીલ વસાવા' તરીકે આપી નકલી આધાર કાર્ડ રજૂ કર્યું હતું. જો કે, ઝીણવટભરી તપાસમાં તેની પત્નીના નિવેદન દ્વારા ખુલાસો થયો કે તે રીઢો ગુનેગાર રાજેન્દ્ર છે. અગાઉના ગુનાઓ અને ધરપકડથી બચવા માટે તે ઓળખ બદલીને રહેતો હતો. પોલીસે હવે રિક્ષા ચોરી ઉપરાંત ખોટા દસ્તાવેજો બનાવી પોલીસને ગેરમાર્ગે દોરવાનો વધુ એક ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# વલથાણમાં રૂ.૪૧.૨૩ લાખના પાનમસાલા સાથે બેની ધરપકડ

**પાનમસાલા,** ૧૦ લાખનું કન્ટેનર અને ૨ મોબાઈલ ફોન મળી ૫૧.૩૩ લાખનો મુદ્દામાલ કબજે

પલસાણા: સુરત ગ્રામ્ય જિલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે કામરેજ પોલીસ સ્ટેશનની હદમાંથી બાતમીના આધારે વલથાણ ગામ પાસે નેશનલ હાઈવે નં-૪૮ પર નાકાબંધી કરી એક ટાટા કન્ટેનરને અટકાવ્યું આવ્યું હતું. આ કન્ટેનરમાંથી કોઈપણ બિલ કે આધાર પુરાવા વગરનો 'સિગ્નેચર' પાનમસાલાનો માતબર જથ્થો મળી આવ્યો છે. પોલીસે વાહન સહિત કુલ રૂપિયા ૫૧,૩૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સુરત જિલ્લા એલસીબી અને પેરોલ સ્ક્વોડ દ્વારા હાઈવે પર ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ રોકવા માટે પેટ્રોલિંગ તેજ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એ.એસ.આઈ. રોહિતભાઈ અને હેડ કોન્સ્ટેબલ અનિલભાઈને બાતમી મળી હતી કે, અંકલેશ્વરથી એક કન્ટેનર નં.(RJ-14-GQ-1124) બિનઅધિકૃત પાનમસાલા ભરીને સુરત તરફ જઈ રહ્યું છે. વોચ ગોઠવીને પોલીસે કન્ટેનરને અટકાવી તપાસ કરતાં તેમાંથી ૪૧.૨૩ લાખની કિંમતનો પાનમસાલાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે હરિયાણાના નુહુના રહેવાસી ડ્રાઈવર દિલશાદ ખાન અસલમ ખાન અને ક્લીનર જહીર સિરાજુદ્દીન ખાનની સ્થળ પરથી ધરપકડ કરી છે. તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે આ જથ્થો અંકલેશ્વરના શેખ આસીફ જબ્બીર દ્વારા ભરાવવામાં આવ્યો હતો અને સુરતમાં મોનુ પરમાર નામના વ્યક્તિને પહોંચાડવાનો હતો, જે બંનેને હાલ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે ૪૧.૨૩ લાખનો પાનમસાલા, ૧૦ લાખનું ટાટા કન્ટેનર અને ૨ મોબાઈલ ફોન મળી કુલ ૫૧.૩૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

### વાગરામાં હોળી પર્વે ઘર બંધ રાખી બહાર જતાં ચેતજો

વાગરા: આગામી દિવસોમાં હોળી-ધુળેટી અને ત્યારબાદ મુસ્લિમ બિરાદરોનો પવિત્ર તહેવાર રમજાન ઈદ આવી રહ્યો છે, ત્યારે તહેવારોની આ મોસમમાં ચોરીના બનાવો ન બને એ માટે વાગરા પોલીસ એક્શન મોડમાં આવી છે. તહેવારો દરમિયાન વાગરા વિસ્તારમાં કામ અર્થે રહેતા બહારના લોકો પોતાના વતન જતી વખતે ઘરફોડ ચોરી કે બાઈક ચોરી જેવી ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપી નાસી છૂટતા હોય છે, વાગરા પોલીસે જનતાને માર્ગદર્શન આપતા જણાવ્યું છે કે, જો તમે તહેવાર નિમિત્તે ઘર બંધ કરીને બહારગામ જવાના હોય, તો ઘરમાં કીમતી દાગીના કે રોકડ રકમ રાખવાનું ટાળવું જોઈએ.

# બેંકના કબજાવાળા ઘરમાં દંપતી રહેવા લાગ્યું!

**કારેલીની** ઘટના, જાનથી મારવાની ધમકી પણ આપી

પલસાણા: મૂળ ઉત્તરપ્રદેશ અને હાલ પલસાણાના કારેલી ગામે આરાધના પ્લેટિનમ-1માં રહેતા અજયકુમાર લલનપ્રસાદ મોર્યા વ્યવસાયે સુપરવાઈઝર છે, તેમણે વર્ષ-2024માં બેંક ઓફ બરોડાની સુરત બ્રાંચ દ્વારા યોજાયેલા ઈ-ઓક્શનમાં પ્લોટ નં.344 વાળું મકાન 7,09,000માં ખરીદ્યું હતું. બેંક દ્વારા મકાનનો કબજો સોંપવામાં આવ્યા બાદ અને પલસાણા સબ-રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજની પ્રક્રિયા પૂર્ણ થયા હોવા છતાં, આરોપીઓએ મકાન ખાલી કરવાનો ઈનકાર કર્યો હતો. આ કેસમાં આરોપી તરીકે કારેલી ખાતે આરાધના પ્લેટિનમ સોસાયટીમાં રહેતા ધર્મેન્દ્ર શીવધની સીંગ અને મધુ ધર્મેન્દ્ર શીવધની સીંગનાં નામ નોંધાયાં છે. ફરિયાદ મુજબ આરોપીઓએ ફરિયાદી દ્વારા મકાનને મારેલું 200ની કિંમતનું તાળું તોડી નાંખી મકાનમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો.

જ્યારે ફરિયાદીએ મકાન ખાલી કરવા જણાવ્યું, ત્યારે આરોપીઓએ તેમની સાથે બોલાચાલી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ફરિયાદીએ આ મામલે પલસાણા કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટના હુકમ બાદ પલસાણા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કમ્પાઉન્ડરમાંથી ડોક્ટરની પ્રેક્ટિસ કરતાં બે ઝડપાયા

**વરેલીથી** બે બોગસ ડોક્ટર ઝડપાયા

પલસણા: સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં તત્ત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે પલસાણાના વરેલીમાં દરોડા પાડી બે બોગસ ડોક્ટરોને મેડિકલ સાધન-સામગ્રી સાથે ઝડપી પાડ્યા છે.

એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે વરેલીના મહાદેવ ફળીયામાં આવેલા 'શ્રી ગણેશ ક્લિનિક' પર દરોડો પાડ્યો હતો. અહીંથી વિનોદકુમાર બ્રિજનંદન મિશ્રા (ઉં.વ.૫૪)ને ઝડપી લેવામાં આવ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે વિનોદકુમાર માત્ર ધોરણ-૧૨ પાસ છે અને અગાઉ બિહારમાં ૧૦ વર્ષ કમ્પાઉન્ડર તરીકે કામ કર્યાના અનુભવે અહીં એક વર્ષથી ક્લિનિક ચલાવતો હતો. તેની પાસે કોઈ માન્ય ડિગ્રી કે રજિસ્ટ્રેશન નથી. નોંધનીય છે કે, આ શખ્સ અગાઉ વર્ષ-૨૦૨૧ અને ૨૦૨૨માં પણ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે બોગસ પ્રેક્ટિસ કરતા ઝડપાઈ ચૂક્યો છે. તેની પાસેથી ૧૪,૮૦૧ની કિંમતની દવાઓ અને સાધનો જપ્ત કરવામાં આવ્યાં છે.

બીજા કિસ્સામાં એસ.ઓ.જી.ની ટીમે વરેલીની તુલસીધામ સોસાયટીમાં આવેલા 'મહાલક્ષ્મી ક્લિનિક' પર દરોડો પાડી પ્રભાત જયદેવ ગુપ્તા (ઉં.વ.૫૪)ને ઝડપી પાડ્યો છે. પ્રભાત ગુપ્તા બી.એ. સુધીનો અભ્યાસ ધરાવે છે અને મધ્યપ્રદેશમાં ૨ વર્ષ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે કામ કર્યા બાદ અહીં એક વર્ષથી ગેરકાયદે પ્રેક્ટિસ કરતો હતો. તેની પાસેથી ૨,૪૯૨નો મુદ્દામાલ કબજે લેવાયો છે. આ બંને આરોપી વિરુદ્ધ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ભરૂચમાં પર્યાવરણના જતન સાથે હોલિકા દહન કરવામાં આવશે

ભરૂચ: હોળીના પર્વની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે ભરૂચ શહેરમાં આ વર્ષે પર્યાવરણને અનુકૂળ એવી 'ઈકો હોળી'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે.બી.મોદી પાર્ક નજીક આવેલ પાંજરાપોળ દ્વારા આત્મનિર્ભર ગૌમાતા અભિયાન અંતર્ગત ગાયના ગોબરમાંથી છાણાં બનાવવામાં આવી રહ્યાં છે, જેનો ઉપયોગ હોલિકા દહન માટે કરવામાં આવશે. આ છાણાનું એડ્વાન્સ બુકિંગ પણ શરૂ થઈ ગયું છે. ગાયના ગોબરમાંથી બનેલા છાણાંથી હોલિકા દહન કરવાથી વૃક્ષો બચશે અને વાયુ પ્રદૂષણમાં પણ ઘટાડો થશે. પાંજરાપોળ ખાતે આ છાણા પ્રતિ નંગ 5 રૂપિયાના ભાવે વેચવામાં આવી રહ્યા છે. આ વેચાણ થકી મળતી આવકનો ઉપયોગ પાંજરાપોળ અને ગૌમાતાના વિકાસ અને સેવા માટે કરવામાં આવશે.

# 9 લાખની કાર ભાડે લઈ પરત ન આપતાં ફરિયાદ

**અંકલેશ્વરમાં** ડ્રાઈવર મારફતે થયેલી મિત્રતામાં વેપારીએ મોંઘીદાટ કાર ગુમાવી

અંકલેશ્વર: અંકલેશ્વરના સ્ટેશન રોડ વિસ્તારના વાહન ભાડે આપવાનો વ્યવસાય કરતા વ્યક્તિ સાથે વિશ્વાસઘાતની ઘટના સામે આવી છે, જેમાં ભાડે આપેલી અર્ટિગા કાર પરત ન આપતાં આરોપી સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદી વિપુલભાઈ બાબુભાઈ લીંબાચીયા (ઉં.વ.53) (રહે., વૈશાલી સોસાયટી, સ્ટેશન રોડ, અંકલેશ્વર)એ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની માલિકીની મારુતિ સુઝુકી અર્ટિગા કાર નં.(જીજે-16-એ. ડબ્લ્યૂ-6312) કિંમત અંદાજે રૂ.9 લાખ વર્ષ-2023માં લોન ઉપર ખરીદ કરવામાં આવી હતી. જૂન-2025 દરમિયાન ડ્રાઈવર મારફતે તેમની ઓળખ ઓમકારસિંહ ધર્મેન્દ્રસિંહ ધરિયા (રહે.,મારુતિધામ ફ્લેટ્સ, નિઝામપુર, વડોદરા-મૂળ રહે.,જૂના તવરા ગામ, ભરૂચ) સાથે થઈ હતી. આરોપીએ પોતે વિવિધ કંપનીઓમાં અધિકારીઓને લેવા-મૂકવા માટે વાહનો ભાડે મૂકવાનો કોન્ટ્રાક્ટ હોવાનો વિશ્વાસ આપ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, વડોદરાની સનફાર્મા કંપનીમાં ગાડી ભાડે મૂકવાની તક ઉપલબ્ધ છે અને તેના બદલામાં માસિક રૂ.48000 ભાડું મળશે. આથી કાર તથા અસલ દસ્તાવેજ આરોપીને સોંપ્યા હતા. આરોપીએ પ્રથમ મહિને માત્ર રૂ.13000 ભાડું જ ચૂકવ્યું હતું. બાદ કાર કે દસ્તાવેજ પરત ન આપતાં આ મામલે પોલીસે ફરિયાદ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# કોઠિયાની ખાડીમાં કેમિકલયુક્ત પાણીથી હજારો માછલાંનાં મોત

**GPCBની** ચૂપકીદી સામે ગ્રામજમાં ઉગ્ર રોષ



ભરૂચ: સાયખા અને વિલાયત GIDC વિસ્તારમાં કાર્યરત કેટલીક કેમિકલ કંપનીઓ દ્વારા વાગરાના કોઠિયા ગામની પાછળથી વહેતી ભૂખી ખાડીમાં રાત્રિના અંધકારનો લાભ લઈ ઝેરી કેમિકલયુક્ત પ્રવાહી છોડવામાં આવી રહ્યું છે. જેના પરિણામે એક સમયની જીવંત ખાડી આજે મોતનું વહેણ બની ગઈ છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ સિંચાઈ માટે ઉપયોગમાં લેવાયેલું આ પાણી હવે જમીનની ઉપજાઉ શક્તિને જ ઝેરી બનાવી રહ્યું છે. હરિયાળાં ખેતરોમાં પાક સુકાઈ રહ્યાં છે અને આર્થિક રીતે પહેલેથી જ સંઘર્ષ કરી રહેલા ખેડૂતો પાયમાલીની કગાર પર આવી ઊભા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે અગાઉથી રજૂઆતો મળ્યા છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરી નથી, જેના કારણે પ્રદૂષણનો આ સિલસિલો બેફામ બની ગયો છે.

આમ આદમી પાર્ટીના જિલ્લા સંગઠન મંત્રી દીપક પટેલ સ્થળ પર જોવા મળેલી પરિસ્થિતિ અંગે તેમણે જણાવ્યું કે, જો તાત્કાલિક વૈજ્ઞાનિક તપાસ કરી જવાબદાર કંપનીઓ સામે ફોજદારી ગુનો દાખલ નહીં થાય અને ખેડૂતોને યોગ્ય વળતર નહીં અપાય, તો આ મુદ્દો ગાંધીનગર સુધી લઈ જવામાં આવશે. તેમણે ચીમકી ઉચ્ચારી કે કોઈ માનવ જાનહાનિ સર્જાશે તો તેની સીધી જવાબદારી નિષ્ક્રિય તંત્રની રહેશે.

સ્થાનિકોએ માંગણી કરી છે કે ભૂખી ખાડીના પાણીના નમૂનાઓ તાત્કાલિક લઈને પારદર્શક રિપોર્ટ જાહેર કરવામાં આવે. સાથે જ શંકાસ્પદ કંપનીઓના કેમિકલ ડિસ્ચાર્જ પોઈન્ટ્સ પર ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમ અને CCTV વ્યવસ્થા ફરજિયાત કરવામાં આવે. ગ્રામજનોનો સવાલ સીધો છે કે અગાઉ ચાર ભેંસનાં મોત અને વિલાયત નજીક સેંકડો માછલીઓનાં મોત બાદ પણ જો કડક પગલાં લેવાયાં હોત, તો આજે ફરી આવી સ્થિતિ ઊભી ન થાત. ગ્રામજનોએ જવાબદાર કંપનીઓનાં લાઈસન્સ રદ કરવા, જંગી દંડ વસૂલવા અને ખેતી તથા પશુધનને થયેલા નુકસાનનું પાયે-પાયાનું વળતર મેળવવા માંગ કરી છે.



# નેત્રંગની ચાસવડ દૂધમંડળી સામે સભાસદોમાં ભારે નારાજગી

ભરૂચ: નેત્રંગનાની ચાસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વહીવટ સામે શેર સભાસદોનો નારાજગી જોવા મળી છે. મંડળીની કસ્ટોડિયન કમિટી પર ગંભીર આક્ષેપો કરતાં સભાસદોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ચૂંટણી યોજવા માંગ કરી છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે, વર્તમાન વહીવટી સમિતિએ દૂધના ભાવમાં ગેરવાજબી રીતે કાપ મૂક્યો છે. આસપાસની અન્ય મંડળીઓની સરખામણીએ ચાસવડમાં દૂધના ભાવ ઓછા હોવાથી ગરીબ આદિવાસી પશુપાલકોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ સિવાય, સભાસદોની સાથે કોઈ પૂર્વસૂચના વિના અનેક દૂધ સેન્ટર્સ અને વાહન સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. સભાસદોએ આક્ષેપ કર્યો છે કે, મંડળીની પાંચ વર્ષની મુદત 23મી જાન્યુઆરીએ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં નવી ચૂંટણી પ્રક્રિયા ન અપનાવવા બદલ પણ વહીવટી તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. શેર સભાસદોએ આવેદનમાં પારદર્શક અને લોકશાહી આધારિત વહીવટ માટે તાત્કાલિક ચૂંટણી યોજીને નવી સમિતિની રચના કરવામાં આવે એવી માંગ કરી છે.